છઠ્ઠા પગારપંચ અન્વયે પેન્શન એરીયર્સની રકમ વારસદારને એક હપ્તામાં ચૂકવવા બાબત.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ,,ગાંધીનગર.
ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૩૪/ટી.આર./૧૧૭૬/૭૯૨
તારીખ ૧૭– ૦૨ –૨૦૧૧

**<u>વંચાણે લીધા</u> :–(૧) નાણા વિભાગના ૫/૧૦/૧૦ નો ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૦૯/૨૯/પગાર એકમ/(મ)**
**(૨) અત્રેનો તા.૨૯/૯/૧૦નો પરિપત્ર ક્રમાંકઃ ૧૭**

**<u>પરિપત્ર નંબર :૨/૨૦૧૧</u>**

- રાજય સરકારે છઠ્ઠા પગારપંચ અન્વયે પેન્શનરો / કુટુંબ પેન્શનરોના સુધારેલ પેન્શન / કુટુંબ પેન્શનના તા.૧/૧/૦૬ થી ૩૧/૩/૦૯ સુધીના તફાવતની રકમ નો એક હપ્તો ચૂકવવા ઉપર અ.નં.૧ માં વંચાણે લીધેલ ઠરાવથી સ્પષ્ટતા કરેલ છે. જે અનુસંધાને ઉપર વંચાણે લીધેલ અ.નં.(૨)ના અત્રેના પરિપત્રથી જરૂરી સૂચના આપેલ હતી.
- તેમ છતાં કેટલાક જિલ્લાઓમાં સંબંધિતોને પેન્શન તફાવતના એક હપ્તે ચૂકવણા ન મળતાં સરકારશ્રીમાં રજૂઆત થયેલ છે. જે સંદર્ભે વંચાણે લીધેલ ઠરાવ / પરિપત્રની સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.
- એક હપ્તે ચૂકવવાપાત્ર થતાં કિસ્સાઓ માટે નીચે મુજબની વધારાની સ્પષ્ટતા ધ્યાને લેવી –
  - તા.૧/૧/૦૬ અને ત્યાર પછી અવસાન પામેલ પેન્શનર / કુટુંબ પેન્શનરના કિસ્સામાં પેન્શનર / કુટુંબ પેન્શનરે તિજોરી કચેરીમાં ભરેલ નોમીનશનના આધારે સંબંધિત નોમીની/ વારસદારને તા.૧/૧/૦૬ થી તા.૩૧/૩/૦૯ અથવા અવસાન તારીખ, બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીનું મળવાપાત્ર પેન્શન / કુટુંબ પેન્શન તફાવતની રકમ એક જ હપ્તામાં ચૂકવવી.
  - નોમીનેશન ભરેલ ન હોય તેવા કિસ્સામાં અત્રેના પરિપત્ર ક્રમાંકઃ ૧૭ તા.૨૯/૯/૧૦ માં સૂચવ્યા મુજબ વારસાઈ પ્રમાણપત્ર મેળવી ચૂકવણાની કાર્યવાહી કરવી.
- પેન્શન / કુટુંબ પેન્શન તફાવતની રકમના ચૂકવણા IFMS માં પેન્શન મોડ્યુલનો પ્રોગ્રામ અપૂરતો હોવાના કારણસર ન થતાં હોય તેવા કિસ્સામાં વધુ વિલંબ ન કરતાં મેન્યુઅલ ગણતરી કરી ચૂકવણાની કાર્યવાહી હાથ ધરવી અને સંબંધિત રેકર્ડ પર યોગ્ય નોંધો રાખવી. જેથી બેવડા ચૂકવણાનો પ્રશ્ન રહે નહી.

નિયામક

**<u>નકલ રવાનાઃ–</u>**

૧. શ્રેયાન / તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ......................(તમામ)

૨. સંયુકત નિયામકશ્રી, ઈડીપી સેલ, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા IFMS ના પેન્શન મોડયુલ પ્રોગ્રામમાં નાણા વિભાગના તા.૫/૧૦/૦૯ ના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૦૯/૨૯/પગાર એકમ(મ) અન્વયે તાત્કાલિક સુધારો કરવા વિનંતી.

૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર તરફ જાણ સારુ.